ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૮/૨૨-૨૩/ 3295

તારીખ : 12 OCT 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૮/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી પરશોતમભાઈ જીણાભાઈ સોરઠીયા,**
**ગ્રાહક ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયા,**
**મું.કમીગઢ, વાયા-બગસરા,**
**તા.જી.અમરેલી.**

**મો.નં- ૭૦૧૬૮૪૮૬૫૧**

**વિષય : ખેતીવાડી કનેકશનનું નામ ટ્રાન્સફર કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૯/૦૯/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૫/૦૯/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૮/૨૨-૨૩/૩૦૧૮ તા.૧૯/૦૯/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૮/૨૨-૨૩/૩૦૭૭ તા.૨૩/૦૯/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૪/૧૦/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી-૨, અમરેલી.**
***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કુકાવાવ.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

પાવર ચોરીનું પુરવણી બિલ બાકી હોય, જેથી કરીને આ કનેકશન અરજી અમો સ્વીકારી શકીએ નહી.

તો આપ સાહેબને વિનંતી કે ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયા ના નામે આર.એલ ના મીટરનો પાવર ચોરીનું બિલ બાકી છે તેવું જણાવેલ ઉપરોકત પાવર ચોરીનું બિલ કે જેઓને જયારે નવું કનેકશન ખેતીવાડીનું આપવામાં આવેલ તે સમયે ઉપરોકત પુરવણી બિલ નો કોઈ જાતનો વાંધો ન હતો. પરંતુ, અમો આ જમીન આશરે ૫ વર્ષ થી ખરીદી લીધેલ હોય, તેમજ અમારે આ નામ ટ્રાન્સફર કરવાની જરૂર પડી છે.

૧.૨ આ ખેતીવાડી કનેકશનમાં કોઈપણ પ્રકારનો દંડ કે બિલ, પુરવણી બિલ બાકી નથી. વિશેષ ખેતીવાડીના સાધનો સીચાઈ, ટપક કે અન્ય વસ્તુઓ ખરીદવી હોય તો(સબસીડી) તેના માટે અમારા નામના વેપારીઓ બિલ માંગતા હોય છે. અમારા નામે કનેકશન ના હોવાના કારણે અમોને સબસીડીનો લાભ મળતો નથી.

૧.3 બીજું આપ સાહેબને જણાવવાનં કે, જેઓને આ કનેકશન આપવામાં આવ્યું ત્યારે આ કનેકશન લાભુબેન છગનભાઈ સોરઠીયા ના નામે માંગણી કરેલ હતી. ત્યારે, ઉપરોકત પુરવણી બિલ નો દંડ ત્યારે પણ બાકી હતો તો પણ ત્યારે દંડ વસુલાત કર્યા વિના આ કનેકશન શ્રી ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયાના નામે ટ્રાન્સફર કરીને તા.૩૦/૦૮/૨૦૧૬ ની આસપાસ આ કનેકશન આપી દેવામાં આવેલ. જે કંપનીના નિયમ વિરૂધ્ધ છે તેમજ કંપની ને રેવન્યુ ને નુકશાન છે.

૧.૪ આ ખેતીવાડી કનેકશન ઉપર કોઈપણ જાતનો દંડ કે પૂરવણી બિલ બાકી ન હોય તો આ અમોને નામ ટ્રાન્સફર કરી આપવા આપ સાહેબને અરજ વિનંતી છે. વિશેષ આપ સાહેબને જણાવવાનું કે, જેઓની પાસે પૂરવણી બિલ બાકી છે તે કમીગઢ ગામ પ્રાથમીક શાળાની સામે રહેશે તેમનું પોતાની માલીકીનું મકાન ધરાવે છે અને તેઓ ગામમાં હયાત છે. તો આ દંડ ની રકમ તેઓની પાસેથી વસુલાત કરવા વિનંતી છે. તો આ નામ ટ્રાન્સફર વહેલી તકે થાય તેવી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ઉપરોકત વિષય અન્વયે, સવિનય સાથ જણાવવાનું કે, કુકાવાવ પેટા વિભાગીય કચેરીના રેકર્ડ મુજબ ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયાના નામ ઉપર ગ્રાહક નં–૮૩૬૫૭/૦૦૭૩૨/૯ થી ખેતીવાડી ઉપયોગ માટેની ૧૨.૫ એચ.પી નું સર્વે નં–૧૧૬/૩ પૈકી ૨ માં કમીગઢ મુકામે એક કનેકશન ચાલુ છે. જેની ચાલુ કર્યા તા.૩૧/૦૮/૨૦૧૬ છે.

૨.૨ કુકાવાવ પેટા વિભાગીય કચેરીના રેકર્ડ મુજબ ચેકીગશીટ નં–૨૦૦૨૭૭, તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજ ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયા, ગામ–કમીગઢ બિનગ્રાહક તરીકે ઘરવપરાશમાં બિન અધિકૃત વપરાશકર્તા તરીકે પકડાયેલ હોય, જેને પત્ર નં–૫૫૯૫, તા.૨૫/૦૪/૨૦૧૭ થી વિજ અધિનિયમ –૨૦૦૩ મુજબ કલમ–૧૩૫ નું રૂા.૮,૦૯૦/– નું પુરવણી બિલ આપવામાં આવેલ હતું. જે તેઓ દ્વારા ભરપાઈ ન કરતા, કુકાવાવ પેટા વિભાગીય કચેરી દ્વારા મહેરબાનશ્રી, અમરેલીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટ માં રે.દાવા નં–૩૮૧/૨૦૧૯ થી લહેણી રકમની વસુલાત માટે દાવો દાખલ કરેલ છે. જેની દાવા રકમ રૂા.૧૦,૬૩૬/૬૯ (ડીપીસી સાથે) છે. જે દાવો હાલ ચાલુ છે. ત્યારબાદ, ફરીવાર ચેકીગ શીટ નં–૨૪૦૨૮,

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તા.૧૩/૦૩/૨૦૧૮ ના રોજ ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયા, ગામ–કમીગઢ, બિન ગ્રાહક તરીકે ઘર
વપરાશમાં બીજી વખત પાવર ચોરીમાં બિન અધિકૃત વપરાશકર્તા તરીકે પકડાયેલ હોય, જેને પત્ર નં–૬૩૭૩
તા.૧૪/૦૩/૨૦૧૮ થી વિજ અધિનિયમ–૨૦૦૩ મુજબ કલમ–૧૩૫ નું રૂ.૧૮૮૧૦/– નું પુરવણી બિલ
આપવામાં આવેલ હતું જે તેઓ દ્વારા ભરપાઈ ન કરતા, કુકાવાવ પેટા વિભાગીય કચેરી દ્વારા મહે.અમરેલીના
પ્રિન્સીપાલ સીનીયર સીવીલી જજ સાહેબશ્રી ની કોર્ટ માં રે.દાવા નં–૧૪/૨૦૨૦ થી લહેણી રકમની વસુલાત માટે
દાવો દાખલ કરેલ છે. જેની દાવા રકમ રૂ.૨૨,૮૨૧/૯૪ (ડીપીસી સાથે) છે. જે દાવો પણ હાલમાં ચાલુ છે.

૨.૩ અરજદારની અરજીમાં જણાવેલ છે કે, '' આ કનેકશન આપવામાં આવ્યુ ત્યારે, આ કનેકશન લાભુબેન
છગનભાઈ સોરઠીયા ના નામે માંગણી કરેલ હતી. ત્યારે, ઉપરોકત પુરવણી બિલનો દંડ ત્યારે પણ બાકી હતો.
તો પણ દંડ વસુલાત કર્યા વિના આ કનેકશન ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયાના નામે નામ ટ્રાન્સફર
કરીને આપી દેવામાં આવેલ છે.'' તો, આ બાબતે જણાવવાનું કે, સદર કેસમાં સૌ પ્રથમ લાભુબેન છગનભાઈ
સોરઠીયા ના નામે ઉપરોકત રેવન્યુ સર્વે નં–૧૧૬/૩ પૈકી ૨ જમીન પર તા.૨૨/૧૦/૨૦૦૮ ના રોજ રસીદ
નં–૧૩૬૪૯૧ રૂ.૨૦૦/– થી નવા કનેકશનમાં રજીસ્ટ્રેશન કરી માંગણી મૂકેલ હતી. જેમાં, બાદમાં લાભુબેન
છગનભાઈ સોરઠીયાનું તા.૦૯/૧૦/૨૦૧૩ ના રોજ અવસાન થતાં, તેના વારસદાર ઈશ્વરભાઈ છગનભાઈ
સોરઠીયા દ્વારા એજી–ન્યુ પ્રી રીલીઝ નામ ટ્રાન્સફર માટે તા.૨૧/૧૨/૨૦૧૫ ના રોજ રસીદ નં–૬૦૪૨૫૧
રૂ.૩૦૦/– થી અરજી કરેલ હતી. જે સંદર્ભ –૨ થી મંજૂર થયેલ અને ત્યારબાદ, તા.૩૧/૦૮/૨૦૧૬ ના રોજ
કનેકશન નવા નામે રીલીઝ કરવામાં આવેલ હતું. આ સાથે ઉપરોકત જણાવેલ વિગત ની નકલો સામેલ છે.
આમ, સદર વિજ જોડાણ ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયા ઘરવપરાશની વિજ ચોરીમાં પકડાયેલ તે અગાઉ
રીલીઝ થયેલ હતું.

૨.૪ આમ, ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયાના નામે ઉપરોકત જણાવ્યા મુજબના બાકી લહેણી રકમ ભરપાઈ થયેલ
ન હોય, અને પરશોતમભાઈ જીણાભાઈ સોરઠીયા, ગામ–કમીગઢ દ્વારા ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયાની
રેવન્યુ સર્વે નં–૧૧૬/૩ પૈકી ૨ વાળી જમીન વેચાણ દસ્તાવેજ થી ખરીદેલ હોય, જેમાં ઈશ્વરભાઈ છગનભાઈ
સોરઠીયાના નામે ખેતીવાડી કનેકશન ચાલુ હોવાથી, પરશોતમભાઈ જીણાભાઈ સોરઠીયા ના નામે નામ
ટ્રાન્સફરની કાર્યવાહી કુકાવાવ પેટા વિભાગીય કચેરી દ્વારા કરી શકાયેલ નથી.

**વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

☞ **<u>ફોરમનું તારણ</u> :–**

૩.૧ વાદી અરજદારશ્રી પરશોતમભાઈ જીણાભાઈ સોરઠીયા વતી તેમના પુત્ર શ્રી રતીભાઈ પી સોરઠીયા દ્વારા તેમ
કમીગઢ, તા.જી.અમરેલી ખાતેની સર્વે નં–૧૧૬/૩ પૈકી ૨ વાળી જમીન પર હયાત ખેતીવાડી કનેકશન
૮૩૬૫૭/૦૦૯૩૨/૯ ના નામ ટ્રાન્સફર પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા ન કરી આપવામાં આવતા, ફોરમને
રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૨ આજરોજ તા.૦૪/૧૦/૨૦૨૨ ની રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષો હાજર છે તથા તેમની મૌખિક/લેખિત રજૂઆતો ને આધારે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે. જે મુજબ રજૂ થયેલ દસ્તાવેજી રેકર્ડ ને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વિષય વાળી જમીન પર ના કનેકશન હાલ ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયાના નામે છે. જે વાદી દ્વારા પરશોતભાઈ જીણાભાઈ સોરઠીયા ના નામે કરી આપવા બાબતની રજૂઆત છે.

૩.૩ આજરોજ પ્રતિવાદીએ રજૂ કરેલ લેખિત જવાબ તેમજ રેકર્ડ મુજબ શ્રી ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયા ના ઘર વપરાશના બે વખત વિજ ચેકીંગ થતા, પાવર ચોરી માલૂમ પડતા, દંડ નું પૂરવણી બિલ આપવામાં આવેલ છે. જે ભરપાઈ ન થતાં, નીચેની વિગતે બંને મેટરમાં કોર્ટ કેસ થયેલ છે.

(૧) ચેકીંગ તારીખ અને ચેકીંગ શીટ નંબર :– તા.૨૫/૦૪/૨૦૧૭, શીટ નં–૨૦૦૨૭૭,
જાણ કરેલ પત્ર નંબર અને જાણ કર્યા તારીખ :– પત્ર નં–૫૫૯૫, તા.૨૫/૦૪/૨૦૧૭
પૂરવણી વિજબિલ ની રકમ :– રૂા.૮,૦૯૦/–
કલમ :– વિજ અધિનિયમ – ૨૦૦૩ ની કલમ–૧૩૫
કોર્ટ કેસ નં :– મહેરબાનશ્રી, અમરેલીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટ માં રે.દાવા નં–૩૮૧/૨૦૧૯.
દાવા ની રકમ :– રૂા.૧૦,૬૩૬/૬૯ (ડીપીસી સાથે)

(૨) ચેકીંગ તારીખ અને ચેકીંગ શીટ નંબર :– તા.૧૩/૦૩/૨૦૧૮, શીટ નં– ૨૪૦૨૮,
જાણ કરેલ પત્ર નંબર અને જાણ કર્યા તારીખ :– પત્ર નં–૬૩૭૩ તા.૧૪/૦૩/૨૦૧૮
પૂરવણી વિજબિલ ની રકમ :– રૂા.૧૮,૮૧૦/–
કલમ :– વિજ અધિનિયમ –૨૦૦૩ ની કલમ–૧૩૫
કોર્ટ કેસ નં :– મહેરબાનશ્રી, અમરેલીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટ માં રે.દાવા નં–૧૪/૨૦૨૦.
દાવા ની રકમ :– રૂા.૨૨,૮૨૧/૯૪ (ડીપીસી સાથે)
ઉપરોકત બંને મેટર હાલ કોર્ટમાં પેન્ડીગ છે.

વધુમાં આજરોજ સુનાવણી દરમ્યાન વાદીએ જણાવેલ છે કે પ્રતિવાદીની કચેરી દ્વારા ઉપરોક્ત બન્ને દાવાની રકમ સિવાય અન્ય રકમ પણ ભરપાઈ કરી આપવા માટે દબાણ કરવામાં આવે છે.

૩.૪ સુનાવણી દરમ્યાન ફોરમના ધ્યાને આવેલ છે કે અગાઉ આ જ અરજદાર દ્વારા નવું ખેતીવાડી કનેક્શન આપવા માટે રજૂઆત કરેલ જેનો કેસ ન. ૧૪/૨૨-૨૩ હતો તથા ફોરમના પત્ર ન. ૨૦૮૭ તા. ૨૭.૦૬.૨૨ થી તેનો હુકમ કરવામાં આવેલ જે મુજબ " જો વાદી તેના અન્ય માલિકીના સર્વે.ન. પર નવા વીજ કનેક્શનની માંગણી કરે તો પ્રતિવાદી દ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરવી ".

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આ તબક્કે ફોરમને જણાયેલ છે કે જે તે સમયે પ્રતિવાદી દ્વારા હાલના કેસમાં દર્શાવેલ ૨ કોર્ટ કેસ ની હકીકત એટલે કે વાદી પાસે અગાઉના લેણાં બાકી હોવા અંગેનો ઉલ્લેખ અગાઉના કેસ ન. ૧૪/૨૨-૨૩ ની રજૂઆત સમયે છુપાવેલ છે, જેની ગંભીર નોંધ ફોરમ દ્વારા લેવામાં આવેલ છે.

3.૫ આમ, પ્રતિવાદી દ્વારા હાલની સર્વે નંબર વાળી જમીનમાં કનેકશન ઈશ્વરભાઈ છગનભાઈ સોરઠીયાના નામે હોય, તેમજ તેમની પાસે પ્રતિવાદીએ લેણું વસુલવાનું બાકી હોય, નામ ફેરફારની પ્રક્રિયા કરેલ નથી. જે જીઈઆરસીના નિયમ મુજબ છે.

3.૬ આથી, હુકમ કરવામાં આવે છે કે, વિવાદિત સર્વે નંબર પર અગાઉના વીજબીલ ના નાણા બાકી હોઈ પીજીવીસીએલ દ્વારા નામ બદલી કરવામાં આવતી નથી તેથી જી.ઈ.આર.સી ના ક્લોઝ ન. ૪.30 મુજબ, ઉપરોક્ત મુજબની રકમ ભરપાઈ થાય તો જ વીજ જોડાણનું નામ બદલવાની કાર્યવાહી થઈ શકે તે મુજબની અરજદારને સમજ આપી યોગ્ય કાર્યવાહી કરવા સૂચન કરેલ છે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજૂઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.૬ મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાઘ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અઘ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૪/૧૦/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L. Bhavnagar